સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ચોટીલાના ડુંગરેથી 'માં'ના સિંહો છૂટ્યા છે,
'કરે ફરિયાદ' કે અમારાં જંગલ ક્યાં છે ?
ફૂટ્યાં નશીબ અમારાં કે ચૂંટ્યા છે તમને -
થશો દુઃખી બધી જ ઋતુમાં કે 'માં' રૂઠ્યા છે...
(પ્રકૃતિ માતાને પહોંચી ખલેલ - વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ)

હાઈકુ

ઓળંગી સીમા -	*સળગાવી છે,*
વન-ગીચ-જંગલો	*અમ ઝૂંપડપટ્ટી -*
પચાવી પાડ્યાં ?!	*સિમેન્ટ આગે..*
(ચીન-પાકિસ્તાનનું શિક્ષણ)	*(પશુડાંની પીડા)*

ચિંતન

નૈવાસ્તિ કાચન ભિદા ન ગુણપ્રતીતિનૌ
વાક્યવૃત્તિરપિ વા ન મનઃ પ્રવૃત્તિઃ ।
યત્કેવલં પરમશાંતમનંતામાધ માનંદમાત્ર મવભાતિ સદદ્વિતીયમ્ ॥

ઉપરોક્ત શ્લોક સર્વવેદાંત સિદ્ધાંત સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

બ્રહ્મમાં કોઈ જાતનો ભેદ નથી, ગુણો જણાતા નથી, વાણીની પ્રવૃત્તિ નથી, અથવા મનની પણ પ્રવૃત્તિ નથી. જે કેવળ, પરમ શાંત, અનંત, આદિ, માત્ર આનંદસ્વરુપ અને અદ્વિતીય હોઈ સત્ સ્વરુપે પ્રકાશે છે.

અહીં 'બ્રહ્મ' 'પરમબ્રહ્મ' નું સ્વરુપ અને સ્વભાવનું વર્ણન છે.

કેટલાક ભક્તિયોગ વાળા એને આકાર સ્વરુપ પૂજે છે મહાદેવ - રામ - વિષ્ણુ... વગેરે - જ્યારે ધ્યાન યોગીઓ ને પૂર્ણ પ્રકાશ સ્વરુપે પૂજે છે.

સંગીત-ચિત્ર-કલાકારો તેને ભાવ સ્વરુપે પૂજે છે.

સુવિચાર

- કિંમત તો દોનોં કી ચુકાની પડતી હૈ... બોલને કી ભી ઔર ચૂપ રહને કી ભી... - **ઓશો**
- સદ્‌જ્ઞાનથી સુખ અને વિપરીત જ્ઞાનથી દુઃખ - **અખંડ આનંદ**
- ખરેખર દુનિયા જીવવાની જરૂર નથી, ઘર જીતાય તો ઘણું - **બોધિવૃક્ષ**
- જેને પાપ કરતાં બીક લાગે છે એને પણ જ્ઞાન લાધ્યું ગણાય - **બી. કે. શિવાની**
- હંમેશા હાજરી એવી આપો કે ગેરહાજરીની નોંધ લેવાય - **એસ. ભટ્ટાચાર્ય**
- અહંકાર વ્યક્તિ પાસે જીદ કરાવે છે જ્યારે પ્રેમ વ્યક્તિ પાસે જતું કરાવે છે - **ગૌરાંગી પંડિત**
- આજનું ઔષધ : કોળા ને કોપીને તેનો ઘર પગના તળિયે માલિશ કરવાથી શરીરની ગર્મીમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંતની જ્ઞાનકથામાં એક જિજ્ઞાસુ ભક્તે પૂછ્યું, 'ધન અને વિદ્યા એકબીજાનાં પૂરક છે, પણ એમાં ચડિયાતું કોણ ?' સંતે કહ્યું, 'ધન સૌથી વધારે મહત્ત્વનું લાગે, પરંતુ વિદ્યાનું સ્થાન ધન કરતાં શ્રેષ્ઠ છે.' ભક્તે પૂછ્યું, 'ધનિક ને આંગણે વિદ્વાને સામે પગલે ચાલીને કેમ જવું પડે છે?' સંતે કહ્યું, 'જેની પાસે વિદ્યા છે તે બધું જાણે છે.' ધનવાન પાસે ધન છે. ધન અભિમાન જન્માવે છે. ધનવાન વિદ્યાનું મહત્ત્વ જલદી નથી સમજી શખતો. તે ધન દ્વારા પ્રાપ્ત ભૌતિક સુખ ભોગવે છે, પરંતુ આ બધું સુખ ક્ષણિક છે. 'બધા સમજી ગયા કે ધનવાન અને વિદ્વાનમાં ધનવાન નહીં, વિધ્વાન જ ચડે.' સંતે કહ્યું, 'હવે હું તમને એક ખાસ વાત સમજાવું. વિદ્વાનને ધનની આશક્તિ છે. એટલે તે ધનવાનને આંગણે જાય છે. વિદ્વાનને વિશ્વેશ્વર કરતાંય ધનવાન પર જાણે વધુ વિશ્વાસ છે. એટલે તેને આંગણે જાય છે. પરંતુ દરેક સાચા ભક્તને પોતાના ઈશ્વર પર અખૂટ આસ્થા અને શ્રદ્ધા હોય છે. ઈશ્વર પાસે તો વિદ્વાન અને ધનવાન પણ હાથ જોડી ને માગે છે. સાચો ભક્ત માત્ર ઈશ્વર પર બધું છોડી દે છે. અને વગર માગ્યે ઈશવર તેમને જોઈતું આપે છે. આવા રમતારામ ફકીરનો જ્યાં મુકામ હોય ત્યાં ધનવાન, વિદ્વાન, મજૂર, નોકરિયાત, ખેડૂત સૌને એક સરખો આદર મળે છે.' શ્રોતાજનો સમજી ગયા કે સૌથી ચડિયાતું કોણ.

જાહેર સંપત્તિને નુકશાન કરનાર પાસેથી વસૂલાત

તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશમાં નાગરિકતા સંશોધન કાનૂન વિરુદ્ધ થયેલ આંદોલને અનેક જગ્યાએ હિંસક સ્વરુપ ધારણ કર્યું હતું. હજી ભારેલો અગ્નિ પ્રજળી રહ્યો છે અને છૂટાંછવાયાં વિરોધ પ્રદર્શનો ચાલુ જ છે. શુક્રવારે નમાજ પઢવા ભેગા થનાર મુસલમાન બંધુઓ ખુદાની બંદગી કરતા વધુ તો વર્તમાન સરકારની જોહુકમી સામે ખોડ રજૂ કરતા રહે છે. આશ્ચર્યની વાત એ છે કે દિલ્હીની પ્રખ્યાત જામા મસ્જિદમાંથી નીકળતી વિરોધ રેલીઓમાં ક્યારેક ભીમસેના તો ક્યારેક અલકા લાંબા જેવા એક્ટિવિસ્ટો સામેલ થઈ લાઈમ લાઈટમાં રહેલા પ્રયાસ કરે છે પરંતુ સતત મુસલમાનોના નામે રાજકારણ કરતા રહેલા શાહી ઈમાન શાંત છે. એમને તો ઊલટાનું એવું નિવેદન બહાર પાડ્યું છે કે આ કાનૂનમાં ક્યાંય ભારતમાં રહેનારા મુસલમાનને આંચ એવું કંઈ જ પ્રાવધાન નથી. કાયદો મુસ્લિમ વિરોધી નથી એવું કહેનારા આ એક અને અનન્ય મુસ્લિમ મૌલાના સરકારની તરફેણ કેમ કરે છે એ વળી જુદો જ અને સંશોધનનો વિષય બની શકે એમ છે. દેશભરમાં થઈ શકે એટલો હોબાળો મુસલમાનોએ કર્યો અથવા એમને વોટબેંક માનતા વિપક્ષોએ કરાવ્યો - પણએથી વડાપ્રધાન કે ગૃહપ્રધાનનું પેટનું પાણી હાલ્યું નથી. તેઓ આ મુદ્દે પુનર્વિચારણા કરવા કે પારોઠમાં પગલાં ભરવાં તૈયાર નથી એની પ્રતીતિ કરાવવા એમને દેશભરમાં કાયદાની તરફેણમાં પણ રેલીઓ કઢાવી. ઉત્તરપ્રદેશમાં થયેલ વિરોધ પ્રદર્શનમાં પોલીસો ક્રૂરતા આચરવી પડી એ એની મજબૂરી હતી કે પછી સરકારી આદેશનો આંધળો અમલ, એ પણ ચર્ચાનો અને સંશોધનનો વિષય છે. પરંતુ યોગી આદિત્યનાથે અત્યાર લગીનાં આવાં આંદોલનોમાં કોઈ પણ સરકારે નહીં લીધેલો એવો નિર્ણય લેઈ શાસનવ્યવસ્થામાં નવું પ્રતિમાન ઉમેર્યું છે. એમણે તોફાને ચડી જાહેર સંપત્તિને નુકશાન કરનારા આંદોલનકારીઓ પાસેથી એ નુકશાનની ભરપાઈ કરવાના આદેશો બહાર પાડ્યા હતા, જે અન્વયે અનેક આંદોલનકારીઓ પર કેસ કરાયા હતા અને નુકસાનની ભરપાઈ કરવા એમની પાસેથી દંડ પેટે રકમ વસૂલવાનું નક્કી થયું હતું. પરિસ્થિતિની ગંભીરતા સમજીને ઉત્તરપ્રદેશના મુસ્લિમ શ્રેષ્ઠીઓએ એનો સાનુકૂળ પ્રતિસાદ પાઠવ્યો છે. છ લાખની મોટી રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ સરકારી અધિકારીઓને મુસલમાન દેખાવકારોએ કરેલ નુકશાની પેટે સોંપીને સમાજ તરફથી માફી માગવાના ઉપક્રમો યોજાયા છે. નુકશાન તો કરોડોની સંપત્તિનું થયું છે, પરંતુ આ પ્રતીક સંકેત (સિમ્બોલિક જેસ્ચર) પ્રજાકીય સમજણ અને કોમી સંવાદિતાને ઉજાગર કરશે એ નક્કી છે. સામા પક્ષે પોલીસ દ્વારા કરાયેલ અત્યાચાર અને નાગરિકોના આર્થિક નુકશાન અંગે પણ સરકારે એટલી જ ખુલ્લાશપૂર્વક વિચારવું જોઈએ. કાનૂન સામે પ્રતિકાર કરવાનો બંધારણીય અધિકાર કબૂલ, પણ જાહેર સંપત્તિને નુકસાન કરીને પ્રતિકાર નહીં કરી શકાય - એવો દાખલો બેસાડવા બદલ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને અભિનંદન આપવા ઘટે.

જીવન ઘડતર...

રંગ-ઉમંગ

કાનન ઓઝા

જે માણસ અનાજનો કણ બગાડે છે એ ધનનો સંગ્રહ કરી શકતો નથી. અને જે માણસ ક્ષણ બગાડે છે એ કોઈ કાર્ય સરખી રીતે કરી શકતો નતી. એ સાધના તો નથી જ કરી શકતો. માટે દિવસનો પ્રારંભ થતાં જ ઊઠો અને સૌ પ્રથમ આખા દિવસ દરમિયાન જે જે કરવાનું છે તેની નોંધ કરો. એ નોંધ પ્રમાણે જે આખા દિવસમાં વર્તો. કામ કરતાં કરતાં એવો વિચાર પણ કરતા રહો કે તમારી પાસે ફક્ત આજનો જ દિવસ છે. પછી રાત્રે સૂતા પહેલાં દિવસ દરમિયાન જે જે કામો તમે તમારી સવારની નોંધ પ્રમાણે કર્યા તેમાં કેટલા પૂરા થયા, કેટલાં અધૂરા રહ્યા અને કેટલાં સાવ બાકી રહ્યાં તે તપાસો. જે અધૂરા અને બાકી રહ્યા તે પૂરા કરવાની શક્તિ આપવા પરમાત્માને પ્રાર્થના કરી તેની કૃપા માગો.

વ્યક્તિએ દિવસમાં કોઈ ને કોઈ સ્વાધ્યાય અવશ્ય કરવો જોઈએ. તે માટે તે ઓછામાં ઓછો એક બ્લોક વાચં અને તેનો અર્થ સમજે. જો તેની પાસે તેટલો પણ સમય ન હોય. તો અર્ધો બ્લોક વાંચે અથવા પા પ્લોકનું અધ્યયનન કરીને પોતાનો દિવસ સાર્થક બનાવે.

તમારો જે દિવસ પરોપકાર, સદાચાર, ભક્તિ, દાન અને બીજાને દિલાસો આપવામાં જાય તે દિવસ ને સફળ માનો. તેવું ન થઈ શકે પણ ક્રોધ, અહમ્, ખાણી-પીણી કે નિંદા-કુથલીમાં દિવસ જાય તે દિવસને નિષ્ફળ માનો. સતત આવું જ જીવન જીવવા માટેનો ઉપાય ચાણક્ય બતાવે છે. એ કહે છે કે, 'એક પણ દિવસ સ્વાધ્યાય કરવો મૂકો નહીં.' પ્રાચીન ગુરુકુળમાં શિષ્ય અભ્યાસ પૂરો કરી રહ્યા પછી ગુરુ પાસે ઘરે જવાની રજા માગે ત્યારે ગુરુ કહેતા કે : તમે અમને જીવનમાં યાદ કરો કે ન કરો પણ એક કરવા જેવું એવું કામ છે કે એ પૂરું કરવા માટે ભૂખ્યા રહેવું પડે તો રહેજો, ઊંઘ છોડવી પડે તો છોડજો પણ એ કરવા જેવું કામ 'સ્વાધ્યાય' નિયમિત કરજો, તેમાં જરા પણ પ્રમાણ કરશો નહીં. જેમ બગીચાને લીલો રાખવા માટે તેને નિયમિત પાણી પાવું પડે છે. તેમ તમારા જીવન બગીચાને લીલો છમ્મ રાખવા માટે 'સ્વાધ્યાય'નું પાણી નિયમિત પાજો. સત્ શાસ્ત્રનો એક બ્લોક વાંચજો. અર્થ સહિત તેનું મનન કરીને સ્વાધ્યાય કરજો. કેટલાંક શાસ્ત્રો કહન છે. દિવસ દરમિયાન અહંકાર આવી જાય. તો સંત કબીરજીના એ વચનો યાદ કરજો કે 'ઈસ તન ધન કી કૌન બડાઈ' એમ કરશો તો અહંકારનું ઝેર નહિ ચડે. શાંતિનું મૂલ્ય સમજવા ભગવાન વેદ વ્યાસનું સૂત્ર 'અ શાંતસ્ય કુતઃ સુખમ્' એ યાદ કરીને તેના અર્થનું ચિંતન કરજો કે અશાંત ને કદી પણ સુખ મળતું નથી.

જુવાન છોકરાને જીવન ઘડવા માટે સ્વાધ્યાય ઉપયોગનો છે. તેને માટે સિનેમાની નટીનો ફોટો કે તેનું જીવન જાણવું કોઈ ઉપયોગનું નથી એક પણ દિવસ ધન આપ્યા વિનાનો ન જવો જોઈએ. કોઈ ગરીબ કોઈ રોગ પીડિત કે કોઈ ક્ષુધા પીડિતાને જુઓ તો હાથ લંબાવીને કાંઈક ને કાંઈક આપજો જમવા બેઠા પહેલા અતિથી સાધુ-સંત કે ભિક્ષુકને અન્ન આપજો. થોડુંક ગાય-કૂતરાને પણ આપજો. જરૂરવાળઆને નાણાંની મદદ ન કકરી શકો તો શ્રમથી તેને મદદ કરજો.

આટલુ કરવાની સાથે ઘરમાં દાદા-દાદી, માતા-પિતાને સારી રીતે ભોજન કરાવી તૃપ્ત કરીને પછી જ તમે જમજો. જે માણસ આ રીતે માતા-પિતા અને વડીલની આંતરડી ઠારે છે તેની આંતરડી તેના સંતાનો ઠારે છે. માતા-પિતા-વડીલની આશીષથી તમે સુખી થશો એ વાત ક્યારે પણ ભુલશો નહીં.

'જોરથી વહેતી નદીના કિનારા ઉપરનું વૃક્ષ, બીજાનાં ઘરમાં રહેવાવાળી સ્ત્રી અને મંત્રી વિહીન રાજા શીઘ્ર નાશ પામે છે.'

જેમ નદીના કિનારે ઉભેલા વૃક્ષો ક્યારે ધરાશાયી થઈ જશે એ કહેવાય નહીં. તેમ જે ધન બીજાના હાથમાં હોય તે ક્યારેક હડપ થઈ જશે તે કહેવાશે નહી માટે દાન ગાંઠે રાખો. કુશળ મંત્રી ન હોય તેવા રાજાનું, નિષ્ણાંત મેનેજર ન હોય તેવા ઉદ્યોગપતિ કે વેપારીનું કેવું અનિષ્ઠ થશે તે કહેવાય નહીં તેવી જ રીતે વિવેકપૂર્વકનું વર્તન ન હોય તેવા માણસનું ક્યારે પતન થઈ જશે તે કહેવાશે નહીં. રાવણ પાસે સારો ભાઈ અને સારી પત્ની હતા પણ કુશળ અને સારો મંત્રી નહોતો તેથી તેનો સર્વનાશ થશો.

દરેક વ્યક્તિ કોઈને કોઈ બળને કારણે જ જીવિત રહે છે. એને કોઈ ને કોઈ શક્તિની જરૂર રડે છે. બ્રાહ્મણની શક્તિ એની વિદ્યા છે, રાજાની શક્તિ એની સેના છે, વૈશ્યની શક્તિ એનું ધન છે અને શુદ્રની શક્તિ તેનું સેવાકાર્ય છે.

બ્રાહ્મણનું બળ વિદ્યા, રાજાનું ભળ સૈન્ય, પૈસો વ્યાપારીનું બળ છે, પરંતુ પ્રાણી માત્રની સેવા તે સૌનું બળ છે. માનવ માત્રનું ભળ છે. આ ભળ જે જે મેળવે છે તે પરમસુખી થાય છે. માટે માણસે આ અવસ્થા પ્રાપ્ત કરવી આવશ્યક છે જે માણસ દુરાચારા છે, મલીન દષ્ટિવાળો છે, દુર્જન છે તેની મૈત્રી નાશ કરવાવાળી હોવાથી તેવાની સાથે મૈત્રી કરવી નહીં. પારકું ધન ઓળવનાર, પારકી સ્ત્રી કે પુરુષ ઉપર મલિન દૃષ્ટિ રાખનાર સાથે કદાપિ મૈત્રી ન રાખવી. એકલા રહેવું અધ્યયન કરવું પણ આવાની સાથે મૈત્રી કરવી જ નહીં.

અટલજીને કહા : અટલજીના શ્રેષ્ઠ ભાષણોનો શ્રેષ્ઠ ગ્રંથ



મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

વિશ્વસાહિત્યમાં આજે રાજપુરુષો ઉપર પુસ્તકો લખવા—લખાવવાની એક પરંપરા ચાલી છે. વિશ્વ બજારમાં આજે દુનિયાના મોટાભાગના રાજપુરુષો, વડાપ્રધાનો કે મહાન લોકનેતાઓ ઉપરના પુસ્તકો ઉપલબ્ધ છે. જોકે આ બધા પુસ્તકો મોટેભાગે એમની આત્મકથા કે જીવનકથા કે પ્રસંગોની કથાઓ હોય છે. અથવા એમની પ્રશસ્તિઓ, સરકારી યોજનાઓમાં મેળવેલી સફળતાઓ લખવામાં આવી હોય છે. આ કારણે આવા પુસ્તકો માર્કેટમાં ઓછા વંચાય કે વેચાય છે. પછી સરકારી ધોરણે એની ખરીદી અને વિતરણ થાય એ જુદી બાબત છે.

ગયા વર્ષે— ૨૦૧૮માં દિલ્હીમાં એક ગ્રંથ પ્રગટ થાય છે. ? અટલજી ને કહા ? એક જુદો જ દૃષ્ટિકોણ, જુદી જ સંકલ્પના અને ઉમદા ઉદેશ્ય લઈને આવતા આ ગ્રંથનું સંકલન — સંપાદન કરે છે દિલ્હીના ખુબ જ જાણીતા મીડિયાકર્મી, પત્રકાર શ્રી બૃજેશ રેહી. ગ્રંથનું ટાઈટલ જ એકદમ આકર્ષક છે. જેમાં અટલજીનો સૌમ્ય—સરળ ભાવવાહી ચહેરો, નિર્મળ હાસ્ય અને આંખોમાં ભાવિસ્વપ્ન સાહજિક રીતે જોઇ શકાય છે. ૩૨૦ પૃષ્ઠો વિસ્તરેલ આ ગ્રંથના દરેક પૃષ્ઠો પણ આર્ટ ગ્લોસી પેપરમાં છપાયા છે. આરંભે ૧૧, મે, ૧૯૯૮ના રોજ રાજસ્થાનના પોખરણ ખાતે કરેલ પરમાણુ પરીક્ષણની ચાર રંગીન તસવીરો છે. પછી આમુખના રૂપમાં સંપાદકશ્રી બૃજેન્દ્ર રેહીનું લખાણ અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીનો શુભ સંદેશ છે. જેમાં મોદીજીએ લખ્યું છે કે ''ઓજસ્વી કવિ, કર્તવ્યનિષ્ઠ પત્રકાર, પ્રખર વક્તા, રાષ્ટ્ર માટે સમર્પિત જનનાયક અન લોકપ્રિયતાના શિખર પુરુષ એટલે અટલ બિહારી વાજપેયીજીનું તપસ્વી જીવન આપણા સૌની માટે પ્રેરણાનું સ્ત્રોત રહ્યું છે. ૨૦૦૭માં રાજનીતિથી સંન્યાસ લીધો ત્યાં સુધી એમનું પુરું જીવન રાષ્ટ્રને સમર્પિત એક જનનાયકનો સ્વર્ણિમ દસ્તાવેજ છે.''

ઈ.સ. ૧૯૫૧થી આરંભાયેલ અટલજીની રાજકીય યાત્રાના પડાવો વર્ષવાર મૂકીને છેક ૨૦૦૪માં વડાપ્રધાન પદ પર રહ્યા ત્યાં સુધી એમની આ સફરનું સરવૈયું રજું કરવામાં આવ્યું છે.

આ ગ્રંથનો મુખ્ય ભાગ અટલજીના પ્રધાનમંત્રીના રૂપમાં આપેલા ભાષણો પૈકી અત્યંત મહત્વના દસ્તાવેજીય હોય એવા ૨૬ ભાષણોથી વિભૂષિત થયો છે. જેમાં વર્ષ— ૧૯૯૮માં વિશ્વ વ્યાપી પર્યાવરણની સુવિધાની પ્રથમ મહાસભાની બેઠક, રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ સંમેલન, શાંતિ સ્વરૂપ ભટ્ટનાગર પુરસ્કાર પ્રદાન સમારોહ, સાર્ક શિખર વાર્તા — કોલમ્બો, સંયૂક્ત રાષ્ટ્ર મહાસભા — ન્યુયોર્ક, મુખ્યમંત્રી સંમેલન — દિલ્હી, રાષ્ટ્ર કે નામ, વર્ષ — ૧૯૯૯માં આર્થિક શિખર સંમેલન, વિશ્વ સ્તરિય બેઠક, રાષ્ટ્ર કે નામ, વર્ષ — ૨૦૦૦માં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસના વાર્ષિક સત્રમાં, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા આયોજિત અંતર્રાષ્ટ્રીય સંમેલન, ક્ષેત્રીય વિકાસ તથા સુરક્ષા વિષય પર પૂર્વોત્તર રાજ્યો અને સિક્કિમના રાજ્યપાલો તથા મુખ્યમંત્રીઓનું સંમેલન, વીર બાળકોને રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર પ્રદાન સમારોહ, વિશ્વ પુસ્તક મેળોના ઉદઘાટન સમારોહમાં, મૉરીશસ વિશ્વ વિદ્યાલય સમારોહ, સાર્વજનિક ક્ષેત્રના ઉદ્યમોના પ્રમુખ કાર્યકારી અધિકારીના સંમેલનના ઉદઘાટન સમારોહ, હિમાચલ પ્રદેશમાં કોલ જલ વિદ્યુત પરિયોજનાની આધારશિલા રોપણ સમારોહ, સ્વતંત્રતા દિવસ ઉજવણી સમારોહ — લાલ કિલ્લા, વર્ષ — ૨૦૦૧માં દિલ્હી નિવાસસ્થાન પર જનસમુહને, આતંકવાદનો મુકાબલો સાથે મળીને કરીએ, વર્ષ-૨૦૦૨માં કાઠમંડુમાં સાર્ક શિખર સંમેલન, રાષ્ટ્રીય પ્રોદ્યોગિકી દિવસ પર રક્ષા અનુસંધાન- વિકાસ સંગઠનના પુરસ્કાર વિતરન સમારોહ..... વગેરે સમારોહમાં અટલજીએ પ્રધાનમંત્રી તરીકે આપેલ ભાષણો આ ગ્રંથમાં સમાવાયા છે. આ ભાષણો ઐતિહાસિક ભાષણો છે. એનું વૈશ્વિક મૂલ્ય છે. એક વિકાસશીલ દેશના વડાપ્રધાન પોતાના દેશના વિકાસ માટે શું કરી શકે છે એનું માર્ગદર્શન આ બધા ભાષણોમાંથી મળી રહે છે. તો વળી આ ગ્રંથમાં આજના સમયનો પ્રાણપ્રશ્ન આતંકવાદ વિશે પણ અટલજીએ કહ્યું છે કે ''આતંકવાદ બેધારી તલવાર છે જો એ એક તરફ ચાલે છે તો એ બીજી તરફ પણ વાર કરી શકે છે. એટલે આતંકવાદની વિરુદ્ધમાં લડવું ખૂબ જ જરૂરી છે. અટલજી પોતાના કાર્યકાળમાં વિશ્વના અનેક નેતાઓને મળીને ભારતની એક છબિ બનાવી હતી. એમની વૈશ્વિકનીતિ માનવતાવાદી હતી. સર્વકલ્યાણની ભાવનાવાળી હતી. અટલજી કદાચ ભારતના એકમાત્ર એવા વડાપ્રધાન હતા કે જેઓ વિપક્ષી નેતાઓને પણ અવારનવાર મળીને એમની સાથે વાર્તા વિમર્શ કરતા હતા. તો વળી દેશના બધા જ રાજ્યોની મુખ્યમંત્રીઓની સાથે પણ સહજતાથી મળતા. અને મુસ્લિમ, શીખ, ઈસાઈ, બધા જ ધર્મોના વડાઓને મળીને પોતાનું જ્ઞાન વધારતા અને સૌને એક માનવતાવાદીનો સંદેશ પાઠવતા હતા.

અટલજીએ પર્યાવરણ સંદર્ભે કહ્યું હતું કે '' પર્યાવરણના વિનાશનું બહું ઝડપથી વ્યાપારીકરણ થયું છે. પર્યાવરણના સંરક્ષણ માટે એક પ્રભાવશાળી વૈજ્ઞાનિક સિસ્ટમ બનાવવી જોઈએ '' તો વળી જ્ઞાનની શક્તિ સંદર્ભે તેઓ માનતા કે જ્ઞાન, વિચારો અને કલ્પનાશક્તિથી હંમેશાં એવા લોકો ભયભીત રહે છે જેઓ ધાર્મિક કટ્ટરતા અને રૂઢિવાદિતાથી તાકાત મેળવે છે. અટલજીએ આજથી વીસ વર્ષ પૂર્વે ૧૫ ઓગષ્ટ ૨૦૦૦ ના રોજ પોતાના એક ભાષણમાં કહ્યું હતું કે '' મારી બધા જ પંથે અને જાતિના લોકો પાસેથી અપેક્ષા છે કે આપણે કલ્પનાના શત્રુ ઊભા ના કરીએ અને પોતાની તલવારથી જ સ્વયમને ઘાવ ના પહોંચાડીએ ''

આ રીતે આ ગ્રંથમાં અટલજીના અનેક માનવતાવાદી, વૈશ્વિક કલ્યાણ અને જીવનજ્ઞાનથી ભરપુર વિચારો એમના ભાષણોમાં વ્યક્ત થાય છે. અટલજી પોતે રાજનીતિજ્ઞ હોવાની સાથે સાથે હિંદી ભાષાના એક ખૂબ સારા કવિ પણ હતા, તેમને પુસ્તકો ખૂબ પ્રિય હતા. પુસ્તકો માટે તેઓ કહેતા કે '' પુસ્તકો ઝરોખા જેવા છે, જે જ્ઞાનની અસીમ દુનિયાના દરવાજા ખોલી આપે છે, તેનાથી આપણી વૈચારિક શક્તિ વધે છે. આપણો અનુભવ વધે છે. પુસ્તકો શિક્ષણ અને બૌધિક પ્રેરણાનો સ્ત્રોત છે. પુસ્તકોથી સામાજિક જાગૃતિ આવે છે. '' અટલજીના ભાષણોમાં તમામ વર્ગના લોકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળતું હતું, જીવનને સમજવાની નવી દૃષ્ટિ તેમના વક્તવ્યોમાંથી મળતી હતી. સશક્ત લોકતંત્રમાં માનતા અટલજી મલ્ટિનેશનલ કંપની કરતા નાના નાના ગૃહ ઉધોગોને વધુ મહત્વ આપતા હતા કેમ કે તેનાથી નાના માણસને રોજગારી મળતી હતી. અટલજી હંમેશાં ભારતને જ્ઞાન વિજ્ઞાનની મહાશક્તિના રૂપમાં જોતા હતા, તે માટે તેઓએ નવી નીતિ દ્વારા નવી ટેકનૉલોજી નિર્માણ કાર્ય આરંભ કરેલું હતું. તો વળી દુશ્મનને પણ માફ કરીને પ્રેમથી, સદભાવથી તેનું દિલ જીતવાની પહેલ અટલજીએ કરીને પાકિસ્તાન સાથે પણ મૈત્રીનો હાથ લંબાવ્યો હતો.

અટલજી અનેક રાષ્ટ્રીય પુરસ્કારોથી પણ સન્માનિત કરવામાં આવેલા હતઅ જેમાં પદ્મ વિભુષણ (૧૯૯૨), લોકમાન્ય તિલક પુરસ્કાર (૧૯૯૪) શ્રેષ્ઠ સંસદ સદસ્ય પુરસ્કાર (૧૯૯૪) ભારત રત્ન પંડિત ગોવિંદ વલ્લભ પંત પુરસ્કાર (૧૯૯૪) ભારત રત્ન (૨૦૧૪) મુખ્ય છે. આ પુસ્તકના સંપાદક શ્રી બ્રજેન્દ્ર રેહી આ પુસ્તકના અમૂખમાં લખે છે કે ''કોઈપણ રાજનેતાની સૌથી મોટી ઉપલબ્ધિ જનમાનસના હદયમાં સ્થાન બનાવવાની હોય છે અને એ જ વાત તેમને જનનાયક બનાવતી હોય છે. વાજપેયી આવા જનનાયક નેતા હતા.''

દર્પણ પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પુસ્તક તમામ રાજનીતિજ્ઞોને, રાજનીતિના વિદ્યાર્થીઓને, યુવાનેતાઓને, બધા જ રાજનીતિક પક્ષોએ, વિપક્ષોએ, પત્રકારોએ ધ્યાનથી વાંચવા જેવું છે. કેમ કે અટલજીના વિચારોની સાથે તેમનું જ્ઞાન, ભાષા પરનું પ્રભુત્વ, વિચારોની શુદ્ધતા, પરિશુદ્ધ કૂટનીતિ, સંસ્કાર અને માનવતાવાદી ચારિત્ર્યનું ઘડતર આ ગ્રંથ દ્વારા થઈ શકે છે. આજના યુવાનેતાઓ માટે આ ગ્રંથ ગીતા સમાન છે. એક સાવ નાના ગામડાના ખેડુત, મજૂરથી લઈને વિશ્વના ટૉચના ઉધોગપતિઓ, વિશ્વના ટૉચના નેતાઓ સાથેની અટલજીની નીતિ, ભાષા, વિચાર, વ્યવહાર અને ગૌરવનું ગાન અહીં જોવા મળે છે.

એક નજર '૨૦૧૯' પર...!!!

રજળપાટ

અજય ઉપાધ્યાય

''વર્ષ ૨૦૨૦માં વિશ્વના મોટા દેશોમાં ગૃહ યુદ્ધ જેવી પરિસ્થિતિ થશે અને લોકો રસ્તા પર ઉતરશે.'' આવનારા વર્ષ માટે નોસ્ટ્રાડેમસની આવી આગાહી છે. હજુ ૨૦૨૦ને તો આ વાંચતા હશો ત્યારે બે'ક દિવસની વાર હશે પણ નોસ્ટ્રાડેમસની આ આગાહી એટલીસ્ટ ભારત માટે તો સાચી પડતી હોય એવું સીએએના વિરોધ પરથી લાગી રહ્યું છે, જો કે હિંસક વિરોધ શાંત થઈ ચુક્યો છે પણ બની શકે કે આંતરિક અસંતોષ ગમે ત્યારે ફાટી નીકળે. એની વેઝ ૨૦૧૯ બસ હવે ચંદ દિનો કા મહેમાન છે ત્યારે આખુયે ૨૦૧૯ આપણા માટે તો જુદાજુદા વિરોધો... પ્રદર્શનોથી સભર રહ્યું જ છે. ઓક્ટોબરમાં જેએનયુના ફી વધારાની પ્રોટેસ્ટ જોઈ તો નવેમ્બરમાં દિલ્હીમાં વકીલો અને પોલીસોની ઝપાઝપી પણ જોઈ...દક્ષિણમાં સાબરીમાલા મુદ્દે તો...મહારાષ્ટ્રમાં કિસાનોની કુચ પણ જોવા મળી. હૈદરાબાદના વેટરનીટી ડોકટરના બલાત્કાર અને ક્રૂર હત્યા અને એના જેવી ૨૦૧૯મા દેશમાં બનેલી સ્ત્રી પરના બળાત્કારો અને ઉત્પીડનની ઘટનાઓના વિરોધમાં પણ રેલીઓ થઈ. ખાલી ભારતમાં જ નહિ પણ વિશ્વ સ્તરે પણ આવા વિરોધ પ્રદર્શનો અને શેરીકુચો ચાલુ રહી. હોંગકોંગમાં જુનથી પ્રોટેસ્ટ થઈ રહી છે તો લેબેનોનમાં સત્તા વિરોધીઓની વિશાળ રેલી અને કુચો થઈ.ચીલી અને ઈરાકે પણ વિશાળ રેલીઓ અને વિરોધોનો સામનો કર્યો.

સતત આવા વિરોધો, કથળતી અર્થવ્યવસ્થા અને વિકાસની વચ્ચે બેલેન્સ જાળવવા મથતા નરેન્દ્ર મોદી મે-૨૦૧૯મા ફરીથી અગાઉ કરતા વધુ બહુમતથી બીજી ટર્મ માટે સત્તા પર આવ્યા પણ એ પહેલા અળવીતરા પાડોશીની દેન ૧૪ ફેબ્રુઆરીએ થયેલ પુલવામાં એટેકનું દર્દ એમના દિમાગમાં અને દિલમાં લાગી ગયેલું અને એના બદલારૂપે પાકિસ્તાનને તમાચા રૂપ બાલાકોટ એરસ્ટ્રાઈક થઈ ફેબ્રુઆરી ૨૬મી એ. એ પહેલા ભારતે પોતાના છોગામાં માર્ચમાં એન્ટી સેટેલાઈટ મિસાઈલનું પીછું ઉમેરી દીધેલું તો મેં માં સત્તા સંભાળતા પહેલા ફેની વાવાઝોડાનો કહેર અને સુરતના કોચિંગ ક્લાસમાં લાગેલી આગની ટ્રેજડી પણ દર્દનાક હતી. વધુ બહુમતીથી સત્તામાં ફરી આવેલા એનડીએ અને મોદી માટે આગળનો સમય પોલીટીકલી કોઈ ખાસ સારો નથી રહ્યો. કેમકે ભાજપ અને એનડીએના હાથમાંથી એક પછી એક રાજ્યની સત્તા સરકી રહી છે. સૌથી મોટો ઝટકો મહારાષ્ટ્રમાં લાગ્યો. વર્ષોના સાથીદાર શિવસેનાની બગાવતે બીજેપીને મહારાષ્ટ્રમાં મોટી પાર્ટી હોવા છતાં સત્તાથી વેંત છેટી રાખી દીધી અને ૨૦૧૯નો અંત ઝારખંડમાં બીજેપીની હારથી થયો. હવે ૨૦૨૦મા બીજેપીની કસોટી દિલ્હી અને બિહાર ચૂંટણીઓમાં થવાની અને એના પછી ૨૦૨૧મા મમતાદીદી સાથે બાથ ભીડવાની છે. રાજ્યોની સત્તા મામલે બીજેપી ડેફીનેટલી ચિંતિત રહેવાની જ..!

ખેર એ ચૂંટણીઓ અને એના પરિણામો આવે ત્યારે પણ એ પહેલા ૨૦૧૯મા મોદી સરકારે કેટલાક હિમ્મતભર્યા નિર્ણયો માટે વાહવાહી અને બદનામી બંન્ને મેળવી. જેમકે ૩૦ જુલાઈએ પાસ થયેલ ત્રિપલ તલાકનો કાયદો કે જેનાથી મુસ્લિમ મહિલાઓમાં સરકારની પ્રશંસા થઈ એની પાછળ પાછળ જ પાંચમી ઓગષ્ટે પાસ થયેલ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫એ રદ કરતો કાયદો અને અત્યારે જેનો બખેડો છે એ સીએએ અને એનઆરસી નો કાયદો. સરકારની સાથેસાથે સુપ્રીમ કોર્ટે પણ કેટલાક કીમતી ચુકાદાઓ આપ્યા. રાફેલ રીવ્યુ પીટીશન ખારીજ કરી તો ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાની ઓફીસ પણ આરટીઆઈ નીચે આવી ગઈ. મહારાષ્ટ્ર સરકારના ગઠનનું કોકડું પણ ૨૪ કલાકમાં ફ્લોર ટેસ્ટ કરવાના ચુકાદા સાથે ઉકેલી નાખ્યું. નવમી નવેમ્બરે આવેલો રામમંદિર વિવાદનો ફાઈનલ ચુકાદો આમાં અહમ ગણી શકાય. આ ઉપરાંત દેશમાં ૨૦૧૯મા બનેલી મહત્વની થોડી ઘટનાઓ પર નજર નાખીએ તો જાન્યુઆરીમાં દેના બેંક અને વિજયા બેન્કનો બેંક ઓફ બરોડામાં વિલય થયો એ જ મહિનામાં દિવ્યાંગ અરુણીમાં સિંહ એન્ટાર્કટિકાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ વિન્સન સર કરનાર વિશ્વની પહેલી મહિલા બની તો જાન્યુઆરીમાં પ્રયાગરાજમાં બે મહિના ચાલેલો અર્ધ કુંભ મેળો પણ થયો . જુલાઈમાં ઈસરોએ ચન્દ્ર પર માનવરહિત યાન ઉતારવાના મહાત્વાકાંક્ષી મિશન ચંદ્રયાન — ૨ સ્ટાર્ટ કર્યું જો કે સપ્ટેમ્બરમાં લેન્ડર વિક્રમ ચન્દ્ર પર નિર્ધારિત જગ્યાથી દુર ક્રેશ થવાની સાથે જ આ મિશન નિષ્ફળ ગયું. એ જ સપ્ટેમ્બરની ૨૨ તારીખે મોદીએ હુસ્ટન અમેરિકામાં ' હાઉડી મોદી ' કાર્યક્રમ કર્યો જેમાં ખુદ ટ્રમ્પ હાજર રહ્યા. ઓક્ટોબરમાં કાશ્મીર અને લડાખ નામે બે કેન્દ્ર શાષિત પ્રદેશોનો વિધિવત ઉમેરો થયો તો બહુચર્ચિત રાફેલ વિમાનની પહેલી ડીલેવરી પણ પૂજાપાઠ સાથે મળી. તો સામે છેડે દેશે મનોહર પરિકર, કાફે કોફી ડે ના વી જી સિધાર્થ, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત, નાટ્યકાર ગીરીશ કર્નાડ, અરુણ જેટલી, સુષ્મા સ્વરાજ, સંગીતકાર ખયામ, ટી એન શેષન, રામ જેઠમલાની અને ડો. શ્રીરામ લાગુ જેવા રત્નો ગુમાવ્યા.

રાજકારણથી હટીને મનોરંજન પર નજર નાખીએ તો રિતિક-ટાઈગરની વોર સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની એની પાછળ વિવાદિત 'કબીરસિંઘ', સર્જીકલ સ્ટ્રાઈકની વાત કહેતી ' ઉરી ', દબંગ-૩ તો ધાર્યા મુજબ કલેક્શન નથી લાવી પણ ' ભારત ' ૨૧૧ કરોડ કમાયેલી. આ ઉપરાંત કમાણીની દ્રષ્ટીએ ટોપ-૧૦ લીસ્ટમાં 'હાઉસફુલ-૪ '.. મિશન મંગલ, કેસરી, ટોટલ ધમાલ, સુપર ૩૦ અને ગલી બોય પણ રહી. લીસ્ટ જ બતાવે છે કે ૨૦૧૯ નો મોસ્ટ સેલેબલ અને સક્સેસફૂલ સ્ટાર છે અક્ષય કુમાર. હા અક્ષયને આયુષ્માન ખુરાના એ આર્ટીકલ ૧૫ , ડ્રીમગર્લ અને બાલા થી ચુનોતી આપી. ૧૦૦ કરોડ ક્લબમાં ઘણી ફિલ્મો સામેલ થઈ. ફિલ્મોની સાથે સાથે બોલીવુડ વિવાદોમાં પણ આગળ રહ્યું. વિવેક ઓબેરોયે શેર કરેલ ઐશ્વર્યાનું મેમે હોય કે પછી કરણ જોહરની પાર્ટીમાં સ્ટાર્સે ડ્રગ લીધાનો આરોપ હોય. અક્ષયની કેનેડીયન નાગરિકતા વિષે બબાલ હોય કે ધર્મના નામે દંગલ ગર્લ ઝાહીરા વસીમે લીધેલો બોલીવુડ છોડવાનો નિર્ણય હોય. પાકિસ્તાનમાં હિન્દી ફિલ્મો પર પ્રતિબંધ હોય કે પાકિસ્તાનમાં પરફોર્મ કરવા બદલ સિંગર મીકા પર પ્રતિબંધ લગાવાયો હોય. એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી સતત ચર્ચામાં રહી. ક્રિકેટમાં વિરાટ-રોહિતની આગેકુચ ચાલુ રહી છતાં પણ ભારતને અને વર્લ્ડકપને વ્હેતનું છેટું રહી ગયું તો બુમ્રાહ-હાર્દિક ઈજાથી પરેશાન રહ્યા બોલ ટેમ્પરીંગના વિવાદ પછી સ્ટીવ સ્મિથે શાનદાર કમબેક કર્યું. તો રસાકસીભર્યા વર્લ્ડ કપ ફાઈનલમાં બાઉન્ડ્રીના બકવાસ નિયમને લીધે ઈંગ્લેન્ડ વિજેતા બન્યું.

૨૦૧૯ના ન્યુઝમેકરના લીસ્ટ પર નજર નાખીએ તો અરામ્કો થી ચર્ચામાં રહેલ મુકેશ અંબાની, ઠાકરે પરિવારમાંથી પ્રથમવાર ચૂંટણી લડેલ આદિત્ય ઠાકરે, ઓનલાઈન બ્યુટી પ્રોડક્ટ નાયકાની ફાઉન્ડર ફાલ્ગુની નાયર, પાકના કબજામાંથી પરત આવેલ પાઈલોટ અભિનંદન વર્ધમાન, વિપ્રોના ચેરમેનપદથી ઉતરી જનાર અઝીમ પ્રેમજી, નાદારી નોંધાવેલ અનીલ અંબાણી, શકવર્તી ચુકાદાઓ આપનાર રંજન ગોગાઈ, માત્ર ૨૫ વર્ષની સૌથી નાની ઉમરની લોકસભા એમપી ચંદ્રાની મુર્મુ, ચંદ્રયાન-૨ ના પ્રોજેક્ટ ડાઈરેક્ટર મુથૈયા વનિતા ને રીતુ કારીધાલ, જેલમાં ગયેલ પી.ચિદમ્બરમ, લોકસભા ચૂંટણીથી સક્રિય રાજનીતિમાં એક્ટીવ થયેલ પ્રિયંકા ગાંધી અને ગુજરાતના ગૃહમંત્રી થી બીજેપી પ્રેસીડન્ટ થઈને ભારતના ગૃહમંત્રી બનનાર અમિત શાહ મુખ્ય છે. હજુ તો ગુજરાત અને દુનિયા બાકી રહી ગઈ પણ આખા વર્ષમાં બનેલી ઘટનાઓ કે બનાવોને એક લેખમાં સમાવી ના શકાય પણ ૨૦૨૦ ને વધાવવા તૈયાર છીએ ત્યારે વીતેલા વર્ષ પર એક નજર તો બનતી હે ! હેપ્પી ૨૦૨૦ ટુ ઓલ્ઝ...!